સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

જોયું ઘણું ન જોવાનું, હવે જોવાનું બંધ આંખે જોઉં છું,
ન કરેલી કલ્પના ને ઉજ્જડ ભવિષ્ય જોઉં છું,
ખાઉં છું પછડાટ ખાડા-ટેકરાની પરિસ્થિતિના -
અંધકાર ઓઢી ડરાવતાં ભૂતપ્રેત જોઉં છું.

હાઈકુ

ધૂણાવે મને
ડાકલાં વગાડીને
કાળનો ભૂવો !

કરે ઘાયલ
ઘાવ પર ઘાવ કરી
રિબાવે મન

ચિંતન

પરિત્યજેન ત્રૈલોક્યં રાજ્યં દેવેષ, વા પુનઃ ।
ન તું અહમ્ સત્યમ્ ઉત્સૃષ્ટં વ્યવસેયં કથં ચન ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.

હું ક્યારેય પણ કોઈના ગમે તેવા પ્રયત્ન હોય છતાં, સત્યને જ વળગીને રહીશ અર્થાત્ સત્યને છોડવાનો કોઈ પણ પ્રયત્ન કરીશ નહીં, પછી ભલે ને એના બદલામાં મને ત્રણ લોકનું રાજ્ય છોડવું કેમ ન પડે ! અર્થાત્ ત્રણે લોકનું રાજ્ય છોડવું પડે તેમ હોય તો તે છોડીને પણ હું સત્યાશ્રમ નહીં જ છોડું.

આજકાલ ચૂંટણીમાં અપાયેલા વચનો ચૂંટણી પછી ભૂલી જવાય છે એમાં 'યુ ટર્ન' આવી જાય છે. આજકાલ સત્તા માટે ગઠબંધન વધી રહ્યા છે. એ જરૂરિયાત પ્રમાણેના ઠગ બંધન છે. નેતાઓ વાતવાતમાં નિવેદન પાછાં ખેંચે છે. અથવા ફેરવી તોળે 'હું આવું બોલ્યો જ નથી' કે મારા નિવેદન ને થોડી-મરોડીને પ્રસ્તુત બોલ્યો જ નથી. કે મારા નિવેદનને તોડી-મરોડીને પ્રસ્તુત કરવામાં આવે છે. મારા કહેવાનો અર્થ આવો ન હતો.

દેશણાં આજકાલ ટોપ ટુ બોટમ ભ્રષ્ટાચાર વ્યાપેલો છે. સૌ પોતપોતાના હિત સાધવામાં વ્યસ્ત જોવાય છે. પ્રજાહિત - દેશહિત સાથે કોઈ ને કંઈ લેવાદેવા નથી.

સુવિચાર

- જબ ઠોકરેં ખા કર ભી ના ગિરો, તો સમઝ લેના દુઆઓં નેં થામ રક્ખા હૈ...!! - **બરરુદ્દીન અલીમ**
- સુખની પ્રાપ્તિ માટે આપણે એ નક્કી કરવાનું છે કે આપણે ક્યારે પણ કોઈ મહત્ત્વનાં ધ્યેય વિનાના ન હોઈએ - **અર્લ નાઈટેંગલ**
- આપણા જીવનમાં બનતી ઘટનાઓ નહીં, પણ તે વિશેની આપણી માન્યતાઓ આપણને ઘડે છે - **એન્થની રોબિન્સ**
- તમને જ્યારે પણ કોઈ સમસ્યા આવે, તો માનજો કે તે તમે જ છો, અને તમે જ નિરાકરણ છો. પરિવર્તન અનિવાર્ય છે. વ્યક્તિગત વિકાસ એ અંગત પસંદગી છે - **બોબ પ્રોક્ટર**
- પાપનું જેને અભિમાન હોય તે શેતાન કહેવાય, પાપનો કર્તા કે ભાગીદાર બને તે માણસ અને પાપનો પશ્ચાતાપ કરે તે સંત - **જનકલ્યાણ**
- જે બીજાને ઓળખે છે તે વિદ્વાન છે અને જે પોતાને ઓળખે એ બુદ્ધિમાન છે - **લાઓત્સે**
- આજનું ઔષધ : કપૂર પાઉડર, બુરુ ખાંડ અને મરી પાઉડર ચપટી-ચપટી લઈ દિવસમાં ત્રણ વાર ખાવાથી ઠંડી ઋતુમાં ગરમાવો આવે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક ગામમાં ગુરુ નાનક ગયા. ગામના લોકો એ ગુરુનાનકની ચિંતનશીલ વાણી સમજવા પ્રયત્ન કર્યો. સૌ ગ્રામજનો સત્સંગથી ખૂબ પ્રભાવિત થયા. જયારે ગુરુનાનકે વિદાય લીધી ત્યારે ગામના સૌ લોકોની આંખમાં આંસુ હતા. સૌ એ ગુરુનાનકને કહ્યું, 'આપ અમને આશીર્વાદ આપો.' ગુરુનાનકે આશીર્વાદ આપતાં કહ્યું, 'હે પ્રિય ગ્રામજનો, મારા આશીર્વાદ છે કે તમારું ગામ ઉજ્જડ બને.' આવા આશીર્વાદ સાંભળી સૌ આશ્ચર્ય અને આઘાતની લાગણી અનુભવવા લાગ્યા. આ તો આશીર્વાદ આપ્યા કે શાપ ? ગામ આબાદ બને તેની જગ્યાએ ગામ બરબાર થાય એવા આશીર્વાદ ? નાનકના એક શિષ્યએ અકળામણ થઈ તેને ગુરુને કહ્યું, 'ભોળા ગ્રામજનોએ તમારો આટલો સરસ સાદર - સત્કાર કર્યો. આપની વાણી એકાગ્ર બની સાંભળી અને એના બદલામાં આવો શાપ?' ગુરુનાનકે કહ્યું, 'આ ગામ સજ્જનો અન ભાવુક ભક્તોનું ગામ છે. અહીં આટલા બધા ઉદરા દિલવાળા અને ધાર્મિકવૃત્તિના લોકો ભેગા રહે છે. જો આ ગામ ભાંગી પડે, તો એ લોકો આજુબાજુના ગામોમાં જશે અને એ ગામોને એમની સજ્જનતા અને ધર્મ પરાયણતાનો લાભ મળશે. આથી મેં કહ્યું, કે ગામ ઉજ્જડ થાય. શુભનો સંગ્રહ ન હોય, શુભની વહેંચણી હોય.' શિષ્યને ગુરુનાનકના આશીર્વાદનો મર્મ સમજાઈ ગયો.

ડ્રગ્સ કેસની દુરોગામી અસરો

તંત્રીસ્થાનેથી...

ડ્રગ્સ કેસની આટલી બધી પ્રચારલીલા પાછળ પ્રજા અને મીડિયાની ઘેલછા સિવાય બીજું કશું દેખાતું નથી. ડ્રગ્સ ક્યાં નથી ઘૂસ્યાં ? દેશનો એકે ખૂણો એનાથી અછૂતો નથી રહ્યો. યુવાધનને બરબાદીમાં ધકેલનારું આ અમોઘ શસ્ત્ર દુશ્મન દેશો દ્વારા સતત ધાર કાઢી કાઢીને ફેંકાતું અને નિશ્ચિત નિશાન તાકતું શસ્ત્ર છે. 'ઊડતા પંજાબ' જેવી ફિલ્મ એની પરાકાષ્ઠ દર્શાવતી હતી. એ પણ હવે તો જૂની થઈ ગઈ છે. અને ભુલાઈ ગઈ છે. ડ્રગ્સ હવે આતંકવાદીઓના આતંકને પણ આંબી જતી ઊંચાઈએ પહોંચી ગયેલ છે. શાહરૂખખાને તો એમના લાડકવાયાને ગળથૂથી જ ડ્રગ્સની કરાવેલી છે. દુનિયા એના અભિનય કરતાં એની ડાયલોગ ડિલિવરી પાછળ ઘેલી છે. સીમી ગરેવાલ આગળ દીકરા વિશે ફાંકા મારતાં એણે ઉચ્ચારેલી ભવિષ્યવાણી નિયતિએ સાચી પાડી બતાવી છે. હું તો ગરીબ હતો, એટલે આવી બધી મોજશોખ માણી શક્યો નહીં પણ મારો કહાનકુંવર ડ્રગ્સ લે, છોકરીઓ ફેરવે એવું જરૂર ઈચ્છું ! એની ઈચ્છા કુદરત બર લાવી. આર્યનખાન માટે બધાને સહાનુભૂતિ થાય અને થવી જોઈએ પરંતુ એને બગાડનારો તો ખુદ એનો બાપ છે. યૌવન, ધનસંપત્તિ અને રૂપ સાથે જયારે અવિવેક ભળે ત્યારે આવી દુર્ઘટના ન સમજાય તો જ નવાઈ. આર્યન તો બગડી ગયેલી અને બગડી રહેલી યુવા પેઢીનો એક સુપરસ્ટાર પ્રતિનિધિ છે. વાનખેડેનો આભાર માનવો જોઈએ કે એણે આવા ધનકુબેરના દીકરાને શકના આધારે કે વ્હોટ્સએપ ચેટ પરથી નંબર-વન આરોપી બનાવી દેશના યુવાવર્ગને લાલબત્તી ધરી. જો આટલો લાંબો વખત એને જેલમાં ગોંધી રાખવામાં ન આવ્યો હોત તો ડ્રગ્સ કેટલી ભયંકર યાતના નોતરી શકે છે એનો આપણા ચરસી-ગંજેડી છોકરડાંઓને ભાગ્યે જ અંદાજ આવ્યો હોત. બાપના પૈસે તાગડધિન્ના કરતી નવી પેઢીના નબીરાઓ માટે ડ્રગ્સ, દારૂ, હુક્કાબાર અને રંડીબાજી એમને મળેલ જન્મસિદ્ધ અધિકારો છે. એની સામેના કઠોર કાનૂન તો પોશીમાંના રીંગણાં છે. 'સમરથ કો નહીં દોષ ગુસાઈ' કહેનારા તુલસીદાસ અહીં સાચા પડતા લાગે છે. આવા અવળા ધંધા કરી ખુદ પોતાના જાત સાથે ખતરનાક ખેલ માંડનારા યુવાધનને અળવા માર્ગેથી પાછા વાળવા હશે તો એક વાનખેડેથી નહીં ચાલે. એ શાહરૂખ જેવા અબજોપતિ પાસેથી કરોડોની લાંચ માગે તો પણ એને એટલા સારું વખાણવો પડે કે એણે છેલ્લે સુધી મચક નથી આપી. પછી તો સૌ જાણે છે કે મુકુલ રોહતગી લાખોની ફી લીને અદાલતમાં પગ મૂકશે એટલે આર્યનખાનને જામીન મળી જ જવાના છે. જે નાટક ચાલ્યું એમાં સમાંતરે સતત રાજકારણીઓનો રોલ ભજવાતો રહ્યો. શાહરૂખનો દીકરો છે મુસલમાન સુપરસ્ટારનો પુત્ર છે એટલે એને હેરાન કરવામાં આવી રહ્યો છે એવા આક્ષેપ પાકિસ્તાનના નેતાઓએ કર્યા, તો વળી શિવસેના-રાષ્ટ્રવાદી કોંગ્રેસ અને કોંગ્રેસની અઘાડી સરકારના મુસ્લિમ ચહેરા સમા નવાબ મલિકે બિચારા નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના અધિકારીનું જ ગોત્ર મુસ્લિમ હોવાના પુરાવા પૂરા પાડ્યા. આર્યનખાનને તો રાહત મળી ગઈ પણ હવે વાનખેડેને હેરાન કરવાનું કાવતરું રચાયાની થિયરી ગળે ઊતરે એમ નથી. પરંતુ મહારાષ્ટ્ર સરકારે એ થિયરી ચલાવી છે. શાહરૂખ ભાજપનો ભગવો ધારણ કરી લે તો ડ્રગ્સ ખાંડમાં ફેરવાઈ જશે એવાં નિવેદનો પણ થયાં. જે હોય તે. કઠોર વાસ્તવ એ છે કે બોલીવુડ આખું ડ્રગ્સના રવાડે ચડેલું છે. ગરીબડા પોટલી પિયાકને પકડીને પૂરી દેવાતો હોય તો ફૂઝમાં નશો કરવાની રંગત માણવાની તૈયારી સાથે નીકળેલી નબીરાઓની ટોકળીને ઝબ્બે કરવી એ શું ગુનો ગણાય ? વાનખેડેને પણ ન્યાય મળવો જોઈએ. એમણે લાંચની માગણી કરી હોય તો એના પણ નક્કર પુરાવા રજૂ થવા જોઈએ. લાંચ આખરે દદલાનીના માધ્યમથી મળવાની હોય તો શાહરૂખ સાથે એની એ મેનેજરે આવી કરેલી કે કેમ એની પણ તપાસ થવી ઘટે. લાંચ લેનાર જેટલો જ લાંચ આપનાર પર ગુનેગાર ગણાવો જોઈએ.

કોરોનાની વિદાય પછી બે વર્ષે ચાલો મોજથી દિવાળીની ઊજવણી કરીએ

તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર

કોરોનાની ત્રીજી લહેર આવશે...
કોરોનાની ત્રીજી લહેર આવશે...
કોરોનાની ત્રીજી લહેર આવશે...

સાંભળી સાંભળીને કાન થાકી ગયા. સમાજમાં ડર ભરાયેલો હતો. ત્રીજી લહેરનો. લોકો બાળકોને લઈને વધુ ચિંતિત હતા. પણ આજકાલ બધાના ચહેરા ઉપર ઘણા વર્ષે આનંદ દેખાઈ રહ્યો છે. લોકો ઘરની બહાર નીકળતા થયા છે. કદાચ એમ કહી શકાય કે લોકો પહેલાના જેવું જીવવા લાગ્યા છે... કારણ વાવાઝોડું આવ્યું અમે કોરોનાને લઈ ગયું. હાસ્યની વાત તો ઓ છે કે તૌક્તો વાવાઝોડું આવ્યું અને કોરોના લઈ ગયું. જો કે વાવાઝોડાથી ઘણું નુકશાન થયું પરંતુ કોરોના દિવસે દિવસે ઘટતો ગયો એ ખુશીની વાત છે. હવે તો ચોક્કસ જ છે કે ત્રીજી લહેર નહીં આવે. નવરાત્રી ઊજવ્યાનો લોકોમાં આનંદ છે. અને સાથે સાથે દિવાળીની તૈયારી જોરશોરમાં ચાલી રહી છે. બસ લોકો હવે બોનસની રાહ જોઈ બેઠ છે. હવે બોનસ તો એવી વાત છે કે તમારો પગાર ૫૦૦૦ હોય કે ૫,૦૦,૦૦૦ હોય દિવાળીના તહેવારમાં બોનસ તો સૌને ગમે જ. સૌ દિવાળી ખૂબ આનંદથી ઊજવે. ભગવાન સૌની મનોકામના પૂર્ણ કરે એવી પ્રાર્થના છે. પરંતુ ભાઈ તહેવારની ઉજવણીમાં એટલા બધા મશગુલ ના થઈ જશો કે પછી આપણે જ એવી ભૂલો કરી બેસીએ કે આપણે જ કોરોનાને આમંત્રણ આપી બેસીએ. ભલે કોરોના ગયો છે પરંતુ ડેન્ગ્યુ, ચિકનગુનિયાનો પગપેસારો અડીખમ છે . ડેન્ગ્યુના પ્લેટલેટ કાઉન્ટ દિવસે દિવસ ઘટતા જાય છે. પ્લેટલેટ ઘટવા એ ચિંતાની વાત નથી. ડેન્ગ્યુમાં હંમેશા પ્લેટલેટ ઘટે જ છે. પરંતુ આતરે દિવસે તપાસ કરાવતા રહેવું. ભાઈ તહેવાર છે અને લેબોરેટરી પણ બંધ હશે. માટે લોહીની તપાસમાં ચૂક ના કરતા. કારણ કે અચાનક જો વધુ પડતા પ્લેટલેટ ઘટી જાય તો શરીરના કોઈ પણ અંગમાંથી બ્લીડીંગ થઈ શકે છે. અને એ સમયે તાત્કાલિક જો ડૉકટરની સારવાર ના મળે તો કેસ બગડી પણ શકે છે. માટે જ પ્લેટલેટની ચકાસણી કરાવતા રહેવું.

ડેન્ગ્યુ જયારે વધારે સિવિયર થઈ જાય ત્યારે ઘણાં કેસોમાં પ્લેટલેટ ચડાવવાની જરૂર પડતી હોય છે. સામાન્ય રીતે બે પ્રકારના પ્લેટલેટ બ્લડ બેંકમાંથી મળી શકે છે. એક તો હોલ બ્લડમાંથી સેનીફ્યુઝ પદ્ધતિથી જેમ દરેક લોહીના ઘટકોને જુદા પાડવામાં આવે છે એ રીતે સેન્ટીફ્યુઝથી પ્લેટલેટ પણ બને છે. ડૉકટર સામાન્ય રીતે ચાર યુનિટ પ્લેટલેટ, છ યુનિટ પ્લેટલેટ, ૮ યુનિટ પ્લેટલેટ એમ પેશન્ટની કન્ડીશન પ્રમાણે ચડાવે છે. અને બીજા પ્રકારના પ્લેટલેટમાં SDPC સિંગર ડૉનર પ્લેટલેટ) ચડાવવામાં આવે છે. SDP એટલે જે ડોનર છે એના લોહીમાંથી ઓટોમેટિક મશીન દ્વારા પ્લેટલેટ અલગ કરવામાં આવે છે અને પેશન્ટને SDP ચડાવવામાંઆવે છે. આ તો એની વાત પરંતુ મેલેરિયા - પછી એ સાદો હોય કે ઝેરી મેલેરિયા હોય. ઘણા પેશન્ટમાં મેલેરિયામાં પ્લેટલેટ સારા ઘણા એવા ઘટી જાય છે. જો કે ડેન્ગ્યુ કરતા મેલેરિયામાં પ્લેટલેટ ઘટવાનો રેશિયો ઓછો છે. અંતે કહેવાનો ભાવાર્થ એ જ છે કે દિવાળી ઉજવીએ. હસીખુશીથી ઊજવણીએ પરંતુ એ વાત ના ભુલીએ કે ડેન્ગ્યુ, ચિકનગુનિયા, મેલેરિયા અને કયાંક કયાંક છૂટા છવાયા કોરોના છે જ. આપણી, આપણા ફેમીલી અને આપણા સમાજની સંભાળ રાખવા માટે જવાબદાર હું જ છું.

સમર્થ સર્જક દર્શકદાદાનું તેમની જન્મજયંતિએ પાવન સ્મરણ

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

૧૯૭૫ના જુલાઈ માસમાં મનુભાઈ પંચોળી – દર્શક – ગુજરાતના રાજ્યપાલશ્રીને એક પત્ર લખે છે. ગાંધીને છાજે તેવી સત્યનિષ્ઠાના તથા નીડરતાના પાયા ઉપર પત્રના એક એક શબ્દનું મંડાણ થયું હોય તેમ પત્ર વાંચતા લાગે છે. રાજકીય કારોબારમાં કે શાસકોના વ્યવહારમાં જ્યારે આપખુદપણાંનો ભાવ દેખાય ત્યારે એક સર્જકને છાજે તેવું પગલું દર્શકે આ પત્ર લખીને ભર્યું છે. તેઓ લખે છે : "અત્યારે આ નાગરિકતા કટોકટી, સેન્સરશિપ, મીસા કે સંરક્ષણધારાના અવિચારી અમલ નીચે ડૂબી રહી છે તેમ લાગે છે. તે વખતે મૌન રહુ તો મારા આજ સુધીના સમગ્ર જીવનને લાંછન લાગે. આથી હું આ બધાનો વિરોધ કરું છું. મારા વિરોધ સ્વરૂપે મને અપાયેલ સ્વાતંત્ર્ય સૈનિક તરીકેનું તામ્રપત્ર આપના દ્વારા સરકારને પાછું મોકલું છું..... સ્વરાજ્યના મૂળિયા કાપી નાખનારી સરકારના હાલના પગલાંનો હું વિરોધ ન કરું તો એ તામ્રપત્રની શી કિમ્મત ?"

દર્શક નામના આ ગાંધી યુગના મહાન સર્જક એક યુગદ્રષ્ટાને છાજે તેવી ગરીમાથી શાસન સામે અવાજ ઉઠાવે તેમાં તેની વિચારશક્તિ તેમજ આચારશક્તિના ઉમદા ઉદાહરણનું જીવંત દર્શન થાય છે. જગતના અનેક સર્જકોએ પોતાને સાચો લાગતો અવાજ તાકાતવાન શાસનથી ડર્યા સિવાય વ્યક્ત કર્યો છે. તેમની આ નિષ્ઠાને કારણેજ તેઓની રચનાઓ જીવંત રહી છે. જગતના ઈતિહાસ તરફ દ્રષ્ટિપાત કરીએ તો ૧૯૭૪ના જાન્યુઆરીમાં જાહેર થયું કે ૧૯૭૦નું સાહિત્યનું નોબલ પારિતોષિક રશિયાના એલેકઝાંડર સોલ્ઝેનિત્સિનને આપવામાં આવે છે. આ મહાન સાહિત્યકારને રશિયામાંથી દેશનિકાલ કરવામાં આવ્યા હતા. સરમુખત્યારશાહી સામેના પ્રબળ અવાજને ગુનો ગણીને રાજ્યે આ પગલું ભર્યું હતું. જગતને આત્માની વીરતાના આવા દર્શન અનેક પ્રસંગોએ થયા છે. આપણાં ઘરઆંગણે જન્મભૂમિ જૂથના અખબારોના સર્જક તેમજ આદર્શ તંત્રી અમૃતલાલ શેઠે પણ લીંબડી રાજ્યની સેવા આવાજ કારણસર છોડી હતી. ગોરી સરકાર સામેનો ખુલ્લો વિરોધ એ તેમના લોહીમાં ઉછળતી હતી. મેઘાણીએ 'સીંધુડોલ્ન ની રચનાઓ ગાઈને બ્રિટીશ સરકારની ખફગી વહોરી હતી. જેલવાસ પણ ભોગવ્યો હતો. આવી ઉજળી પરંપરામાં દર્શકદાદાનું નામ પણ દૈદિપ્યમાન છે.

દર્શકનો જન્મ ૧૫ ઓક્ટોબર-૧૯૧૪માં વાંકાનેર (મોરબી જિલ્લો) તાલુકાના પંચાશિયા ગામમાં થયો હતો. ૧૯૧૪માં જન્મેલા દર્શકે ૧૯૩૦માંજ કુમળી વયે ગાંધીજી પ્રેરીત સત્યાગ્રહમાં જંપલાવ્યું હતું. આજીવન તેમનો સત્ય માટેનો આગ્રહ અખંડ રહ્યો. મીઠા વેરાની નાબુદી માટેની લડતમાં તેમણે વીરમગામ તેમજ ધોલેરા લડતની છાવણીઓમાં અનેક જોખમો વહોરીને કામ કર્યું. લાંબો જેલવાસ સાબરમતી જેલમાં તેમજ વીસાપુર તથા નાસિક જેલમાં પસાર કર્યો. નાનાભાઈ ભટ્ટને દર્શક મળ્યા અને દર્શકને નાનાભાઈ મળ્યા એ વિધિનો સુખદ સુયોગ હતો. નાનાભાઈ સાથે કામ કરવું તે તેમને ઉત્તમ વિચાર લાગ્યો. પ્રથમ ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થામાં નાનાભાઈ સાથે જોડાયા. થોડા વર્ષો પછી ગ્રામ-દક્ષિણામૂર્તિના નાનાભાઈના વિચારપૂર્વકના પ્રયોગમાં સ્વેચ્છાએ જોડાયા. ગામડામાં બેસીને ઉત્તમ શિક્ષણ આપવાનો આ યજ્ઞ હતો. દર્શકના લગ્ન વિજ્યાબહેન પટેલ સાથે થયા હતા. દર્શક અને વિજ્યાબહેન બન્નેનો પરિચય દક્ષિણામૂર્તિમાં થયો. લગ્નગ્રંથીથી જોડાવાનું પણ નક્કી કર્યું. શ્રીમંત ખેડૂતની દીકરી વિજ્યાબહેનેશ્રીમંતાઇ છોડીને સાદગી અપનાવી. વિજ્યાબહેન દર્શકના જીવનમાં એક ખૂબ મહત્વની સહાયકની ભૂમિકા બજાવી શક્યા. દર્શક માટે લખતા કવિ ઉમાશંકર જોશી સરસ શબ્દોમાં લખે છે : " તેમનું ઉપનામ સુંદર છે દર્શક. સામેનું તેમજ પાછળનું બધુંજ દ્રષ્ટિમાં ભરી લેનાર. પોતાની સાથે જે પ્રગટ થવા કરે છે તેને પણ દ્રષ્ટિમાં સમાવવા મથનાર " દર્શકના સર્જનો જોઈએ તો જીવાતા જીવનમાંથી તેમને સર્જનની વિપુલ સામગ્રી મળી છે.

દર્શકદાદા પોતાની જાણીતી કૃતિ 'સોક્રેટિસ' માટે કહે છે કે આ કૃતિ તેમણે 'નિરાંતે તેમજ પ્રસન્નતાપૂર્વક' લખી છે. કૃતિ ખૂબ વંચાઈ છે અને વખણાઈ છે. એક સંવાદમાં સોક્રેટિસ મીડિયા (બીજુ એક પાત્ર)ને કહે છે:

" જાડાં લૂગડા, પૌષ્ટિક ખોરાક, સાદો આસવ અને સહેજે મળતો આનંદ એટલું મેળવવાથી વધારે આગળ જવું એટલે યુધ્ધ સિવાય કશુંય હાથમાં ન આવે. "

મીડીયા કહે : "મને જાડાં લૂગડાં ન ફાવે" જવાબ મળે છે : "તો યુધ્ધ ફાવવું જોઈએ" લડાઈના વર્ષોમાં લડાઈ તરફનો આ મહાનાયકનો અણગમો વધ્યો હતો. દર્શકદાદાએ સોક્રેટિસની આ વાત કે વિચાર લખીને કોઈપણ ભોગે સતત મેળવવાની ઝંખના કરતા સમાજ સામે લાલબત્તી ધરી છે. સોક્રેટિસે જે સત્ય પ્રગટ કર્યું તેનેજ મહાત્મા ગાંધી, અબ્રાહમ લિંકન તથા નેલ્સન મંડેલાએ દોહરાવ્યું. આ બધું હોવા છતાં જગતમાં મોટા ભાગના લોકોને જે હોય તેનાથી સંતોષ હોય તેમ દેખાતું નથી. સરવાળે દુનિયામાં મમત્વના કારણે અનેક લોહીયાળ જંગ થતાં રહ્યા છે.

વાચનથી વિમુખ થતાં લોકો એ આપણાં માટે ચિંતાનો વિષય થવો જોઈએ. "દર્શક વાચનને તપ ગણતાં" (રઘુવીર ચૌધરી) આથી 'વાગીશ્વરીના કર્ણફૂલો' એ એક ઉત્તમ કક્ષાના વાચક તેમજ દ્રષ્ટિવંત આસ્વાદકે માણેલી અનેક રચનાઓનો મહિમા કર્યો છે. આ કર્ણફૂલો સદાકાળ સૌરભ પ્રગટાવતા રહે તેવા છે.

શિક્ષણના ક્ષેત્રમાં તેમનું અપ્રતીમ યોગદાન છે. બાળશિક્ષણનો તેમણેખૂબ મહીમા કર્યો છે. વિશ્વશાંતિ તેમને બાળશિક્ષણના સુચારુ આયોજનમાં દેખાય છે. દર્શકદાદાએ કવિતાઓ લખી નથી પરંતુ અનેક જાણીતા સર્જકોની કવિતાઓ તે રસપૂર્વક ભણાવતા હતા. દર્શકના લેખનમાં આવતી ગરીમા તેમજ પ્રસન્નતા તેમના જીવનમાં પણ પ્રગટી છે. આથી દર્શકની વાણી વિશેષ આસ્વાદ્ય તેમજ આકર્ષક બની રહી છે. તેમણે સર્જેલું ગોપાળબાપાનું પાત્ર (ઝેર તો પીધાં છે જાણી જાણી) સચોટ તથા વાસ્તવિક્તાથી ભરપૂર છે. દર્શકદાદાના અપ્રતિમ યોગદાનને ગુજરાત કે વિશ્વભરમાં વસતા ગુજરાતીઓ કદી વિસરી નહિ શકે. દર્શક નામધારી આ સર્જકની ફૂટપ્રિન્ટ ઝાંખી પાંખી થાય તેવી નથી.

સરદાર એટલે 'બરફમાં જવાળામુખી..!'

સંવેદનનું સ્ટેટસ

રમેશ ઠક્કર

આઝાદ ભારત માટે પ્રથમ જરૂરિયાત હતી દેશની એકતા અને એની અસ્મિતાનું જતન..સરદાર જાણે એ માટે જ જન્મ્યા હતા.! એ સમયે દેશ માટે અખંડતાની જાળવણીનો એકમાત્ર પડકાર હતો..સરદાર વલ્લભભાઈ પટેલ એ એકતાના અખંડ શિલ્પી હતા..સરદારને આપણે ભારતના

બિસ્માર્ક કહીએ છીએ.બિસ્માર્કે જર્મનીનું એકીકરણ કર્યું એ જર્મની માંડ બે ત્રણ ડઝન રાજ્યોમાં વહેંચાયેલું હતું..જ્યારે

સરદાર સામે તો ૫૬૨ પચરંગી રજવાડાંઓ હતાં..એ બધાને એક માળામાં પરોવવાનાં હતાં..એ રીતે મૂલવીએ તો સરદારની પ્રતિભા બિસ્માર્ક કરતાં અનેકગણી મોટી ગણાય..રાષ્ટ્રીય એકતા દિવસે સરદારનું પુણ્ય સ્મરણ પ્રત્યેક ભારતીયે કરવું જોઈએ..

આપણું એ સદભાગ્ય એ છે કે સરદાર ગુજરાતી હતા..એમની વાણીમાં ગુજરાતી કૂનેહ અને મક્કમતા હતાં..×સરદાર× ફિલ્મના એક દ્રશ્યમાં ઉશ્કેરાઈને આવેલા હૈદરાબાદના નિઝામના પ્રતિનિધિને જે રીતે સરદાર ઠંડા કલેજે મ્હાત કરી એની હેસિયતનું ભાન કરાવે છે એનું ગજબ ચિત્રણ થયું છે...શબ્દોને સરદાર કિંમતી જણસની માફક વાપરતા..એમનો એક એક શબ્દ મહત્ત્વનો હોય..સામેવાળાની કોઈપણ ખોટી વાત કે પોકળતાને એ ક્યારેય દાદ ના આપે..એમની સૌમ્ય ભાષામાં એક અનોખો પ્રતિકાર હતો. જે હવામાં ઉડતા વિરોધીઓને ઘડીભરમાં ધરતી ઉપર લાવી દેતો..એમની સામે બેસીને વાત કરવા માટે હિંમત જોઈએ એવું એમનું વ્યકિતત્વ હતું. સરદાર વલ્લભભાઈ પટેલ વિશે અનેક પુસ્તકો લખાયાં છે..એમાં એમના માટેનો અહોભાવ અને અખંડ ભારતના ઘડવૈયા તરીકેની છબી સામાન્ય રીતે ઉપસે છે..સરદાર એક મહામાનવ હતા...ઉત્તમ સંસ્કૃતિપૂજક હતા..લાગણીશીલ પિતા હતા. અને મહાત્મા ગાંધીના પરમ શિષ્ય હતા એ બધાં પાસાં બરાબર ઉપસાવે એવા પુસ્તકોની હજુ તલાશ છે..આમ છતાં હમણાં જ એક મિત્રએ હિંડોલ સેનગુપ્તાનું 'The Man who saved India' એ નામનું પુસ્તક મને આપ્યું...જેમાં સરદાર સાહેબના જીવન વિશેનું સરસ આલેખન છે..એક સરસ આલેખન ઘણા સમય પછી વાંચવા મળ્યું. આપણા ગુજરાતી લેખક મહેશ દવેનું 'બરફમાં જવાળામુખી' પણ મને બહુ ગમેલું પુસ્તક છે..લોર્ડ માઉન્ટબેટને સરદાર પટેલને અહોભાવથી ' volcano in ice" કહેલા...ફુલ જેવા કોમળ અને પોલાદ જેવા મજબુત સરદાર સાહેબ એક ધારદાર રાજનેતા હતા...પરેશ રાવલની ફિલ્મ 'સરદાર' એક સુંદર નિરૂપણ છે એમને જાણવા માટે..એક ધગધગતા લાવા જેવો દેશપ્રેમ અને પ્રચંડ ઈચ્છાશક્તિ એમના આગવા ગુણો હતા. બેશક એ ભારતના ભાગ્યવિધાતા હતા..જાત, ધર્મ ,પંથ કે સંકીર્ણ અને બંધિયાર માન્યતાઓથી જોજનો દૂર હોય એવા એક પ્રખર રાજનેતા હતા..પ્રખર દેશભકત હતા.એમની વિરાટ પ્રતિભા વિશ્વવંદનીય છે..'સ્ટેચ્યુ ઓફ યુનિટી' એ ફકત પ્રતિમા નહીં પણ આપણો એમના માટેનો ઉમળકો છે..અહોભાવ છે આ મહામાનવ પ્રત્યેના ઋણસ્વીકારનો..એક ભવ્ય આદરાંજલિ છે, આપણા લાડીલા લોકનેતા માટેની..કરમસદથી કેવડીયા સુધીની સરદારની જીવન ઝલક એક સાર્થક કર્મયોગીની સફરનો એહસાસ કરાવે છે..દેશની એકતા માટે એમણે કરેલો પુરૂષાર્થ એમની પ્રતિમાની ઉંચાઇ જેટલો જ ભવ્ય અને દિવ્ય છે. આપણે એમના વિશે કેટલું જાણીએ છીએ ? સરદાર માટેનો આદર પ્રત્યેક ભારતીયના દિલમાં સહજ છે.. આપણે એમને પુરા ના વાંચીએ તો પણ એમના વિશે આટલું તો અવશ્ય જાણવું જ જોઈએ..દરેક ભારતીયની એ પવિત્ર ફરજ ગણી શકાય. સરદારનો જન્મ નડિયાદમાં તારીખ ૩૧/૧૦/૧૮૭૫ના રોજ..ગાંધીજી કરતાં એક દાયકો એ નાના હતા... એ ધરતીપુત્ર હતા. એમનામાં જન્મજાત કોઠાસૂઝ હતી..એમનું વતન કરમસદ જયાં આજે પણ એમના વડવાઓનું રહેઠાણ સચવાયું છે..વિનોબાએ એમને 'ગાધીજીની લડતના લક્ષ્યવેધી ધનુર્ધર પટ્ટશિષ્ય અને સરસેનાપતિ' કહ્યા છે..આ ઉપમા એમના માટેની શ્રેષ્ઠ ઉપમા છે. એ એકશનના માણસ હતા..ત્વરીત કાર્ય એ એમની વિશેષતા..એમના પિતા ઝવેરભાઈ પટેલ ખેડા જિલ્લાના પ્રતિષ્ઠિત મુખી હતા, જે ૧૮૫૭ ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ લડયા હતા..માતા લાડબાઈ કુશળ અને ધાર્મિક ગૃહિણી..મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ જેમના નામ ઉપરથી આપણી વિધાનસભા સંકુલને નામ અપાયું છે એ પણ બેરિસ્ટર અને પ્રખર દેશભકત હતા..સરદાર સાહેબનાં પત્નીનું નામ ઝવેરબેન..પુત્ર ડાહ્યાભાઈ અને પુત્રી મણીબહેન પટેલ જે જાણીતાં છે..તારીખ ૧૫/૧૨/૧૯૫૦ ના રોજ મુંબઈના બિરલા હાઉસમાં એમનો સ્વર્ગવાસ થયો ત્યારે એ ભારતના નાયબ વડાપ્રધાન હતા. ઈ.સ.૧૯૧૩માં એ સ્વબળે બેરિસ્ટર થયા..વકિલાત કરી. જાહેરજીવનમાં પ્રદાન કર્યું...અમદાવાદના મેયર પણ થયા ૧૯૨૭માં.. એ વખતે અઠવાડિયામાં અમદાવાદમાં ૫૬ ઈંચ જેટલો વરસાદ પડયો હતો.નગરપતિ તરીકે એમણે રાતદિવસ અદ્ભુત કામ કરી રાહત અને બચાવ કામગીરી કરી એક ઉતમ ઉદાહરણ પૂરું પાડયું..એમના એ કૌશલ્યની નોંધ આજ સુધી લેવાય છે.

બારડોલી સત્યાગ્રહ તો ઈતિહાસમાં જાણીતો છે..એક મહેનતકશ કિસાને એક જાહેરસભામાં એમને 'તમે તો અમારા સરદાર છો..'એમ કહયું અને આખા દેશે એ પ્રેમથી સ્વીકારી લીધું... સરદાર એ જનનાયક છે લોકનાયક છે...સર સ્ટેફર્